# ચાર દિવસમાં ગરમીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો

**રાત્રિનુ તાપમાન પણ વધ્યુ : મહત્તમ તાપમાન ૪૦ થી ૪૨ ડીગ્રી નજીક પહોંચી ગયુ : લઘુત્તમ તાપમાન પણ નોંધપાત્ર ફેરફાર : રજાના દિવસોમાં ગરમીનુ મોજુ ફરી વળતા જનજીવન પ્રભાવિત : માર્ગો સૂમસામ બન્યા**



ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં લગ્નસરાની સિઝન પણ ચાલી રહી છે ત્યારે બીજીતરફ ગરમીની મોસમ પણ નિખરી છે. છેલ્લા ચાર દિવસથી ગરમીનો પારો ધીમે ધીમે ઉપર આવી રહ્યો છે. છેલ્લા ચાર દિવસથી ગરમીનો મિજાજ ઉગ્ર બનતા મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉંચકાયુ છે. આજે મહત્તમ તાપમાન ૪૧.૬ ડીગ્રી રહ્યુ હતુ જયારે રાત્રિનુ તાપમાન પણ વધતા ગુલાબી ઠંડક પણ અદ્રશ્ય થઈ ગઈ છે. રજાના દિવસોમાં ગરમીએ પણ માથુ ઉંચકતા સેકટરોમાં દિવસ દરમિયાન સુનકાર જોવા મળે છે. અપ્રિલ મહીનામાં વાતાવરણ પલ્ટાના અંતે મેં મહીનાના પ્રથમ બે સપ્તાહ દરમિયાન ગરમીનુ જોર વિશેષ રહેશે તેમ પણ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે.

ગાંધીનગરમાં ગરમીનો પારો આજે ફરી એકવાર ઉંચે ચઢયો છે. છેલ્લા બે દિવસથી ગરમીનુ જોર વધ્યુ છે. છેલ્લા ચાર દિવસમાં મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉંચકાયુ છે. ગઈકાલે એક ડીગ્રીના વધારા સાથે ગરમી આકરી બની હતી જયારે આજે મહત્તમ તાપમાનમાં નજીવો ફેરફાર જોવા મળ્યો છે.અલબત્ત ગરમી ૦.૨ ડીગ્રી વધી છે. ચાર દિવસ અગાઉ અચાનક જ મહત્તમ તાપમાનમાં ગિરાવટ આવી હતી. જેના લીધે ગરમીનો પારો ૪૦ ડીગ્રીએ પહોંચી ગયો હતો જયારે લઘુત્તમ તાાપમાનનુ જોર પણ વધતા વાતાવરણમાં સવારે અને મોટીરાત્રે ઠંડક પ્રસરી હતી પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી ગરમીનો મિજાજ ફરી ઉગ્ર બન્યો છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧.૪ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે ૦.૨ ડીગ્રીના વધારા સાથે મહત્તમ તાપમાન ૪૧.૬ ડીગ્રીએ પહાંચી ગયુ હતુ. અલબત્ત ૪૨ ડીગ્રી નજીક ગરમી પહોંચતા દિવસ દરમિયાન આકરા તાપની અસરથી બચવા માટે નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળ્યા ન હતા જયારે રજાનો દિવસ હોવાથી ગરમીની અસર વચ્ચે શહેરનુ જનજીવન વિશેષ રીતે પ્રભાવિત થયુ હતુ. સેકટરવાસીઓ પણ દિવસ દરમિયન ઘરમાં જ પુરાયેલા રહ્યા હતા. સેકટરોમાં આકરી ગરમીની સિઝનમાં અનોખી માનવતા જોવા મળી રહી છે. અબલો પશુ પંખીઓ માટે સેકટરવાસીઓએ પીવાના પાણીની વ્યવસ્થા કરી છે. ઘરે ઘેર પક્ષી પરબના કુંજા મુકવામાં આવ્યા છે. જયારે નગરના વિવિધ જાહેર સ્થળો પર પણ પરબ જોવા મળી રહી છે. શહેરમાં ગરમીની સિઝન નિખરી છે. જયારે હવામાન તજજ્ઞોનાના મતે આગામી દિવસોમાં હજુ પણ ગરમીનુ જોર વધે તેવી સંભાવના છે. જયારે એપ્રિલ મહીનામાં વારંવાર વાતાવરણ પલ્ટાના અંતે ગરમી પ્રકોપ પણ વધશે. છેલ્લા ચાર પાંચ દિવસમાં ગરમીનો પારો ધીમે ધીમે ઉપર ચઢી રહ્યો છે. જયારે એપ્રિલ અંતમાં વાતાવરણ પલ્ટા બાદ મેં મહીનાના પ્રારંભે ગરમીનુ પ્રમાણ વિશેષ રહેશે તેમ પણ મનાઈ રહ્યુ છે. આજે મહત્તમ તાપમાન વધવાની સાથે લઘુત્તમ તાપમાન પણ ઉપર આવ્યુ હતુ અલબત્ત ગઈકાલની સાપેક્ષમાં ૩ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો જેથી સવારે ૯ વાગ્યાથી જ વાતાવરણમાં ગરમીની અસર વર્તાઈ રહી હોવાનુ પણ નગરજનો જણાંવી રહ્યા છે.

# આવી રે આવી : વહેલી ચૂંટણીનો વધુ એક સંકેત

## બેઠક દીઠ તંત્ર મતદાર સાક્ષરતા ક્લબની રચના કરે : ચૂંટણી પંચ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતમાં વહેલી ચૂંટણીનો વધુ એક સંકેત બહાર આવ્યો છે. આથી રાજ્યમાં ચૂંટણીને લઈ મામલો ગરમાયેલો જોવા મળી રહ્યો છે.

કેન્દ્રીય ચૂંટણી પંચે દરેક જિલ્લામાં વિધાનસભા મતદાર વિભાગ દીઠ મતદાર સાક્ષરતા ક્લબની સ્થાપના ઝડપથી કરવા માટેની સૂચનાઓ જારી કરી છે. મતદાર સાક્ષરતા ક્લબની રચના ૨૦ એપ્રિલ સુધીમાં પૂર્ણ કરી અને તેની બેઠકો પણ યોજવા માટેની સૂચના આપવામાં આવી છે.

મતદાર જાગૃત્તિ અભિયાનની કામગીરી શરૂ કરવી જેમાં તરૂણ અભિવાદન, સાક્ષરતા માટે પાઠશાળા શરૂ કરવી જેવા સૂચનો પણ કરવામાં આવ્યા છે. ખાસ કરીને ઈ.વી.એમ. અને વી.વી. પેટ અંગે લોકોમાં જાગૃત્તિ આવે તેના પર પણ ભાર મુકવા જણાવવામાં આવ્યુ છે.

**મતદાર-જાગૃત્તિ અભિયાનને લઈ પાઠશાળા, તરૂણ અભિવાદન તેમજ પંચની વિવિધ એપ્સના ઉપયોગને લઈ અભિયાન છેડવા પંચના સૂચનો**

ચૂંટણી પંચ દ્વારા મતદાર સાક્ષરતા ક્લબમાં ખાસ કરીને સ્વૈચ્છીક સંગઠ્ઠનોને વધુ સક્રિય રીતે સામેલ કરવા પણ સૂચન કર્યુ છે. મતદાર જાગૃત્તિ અભિયાનના કાર્યક્રમો પણ શરૂ કરવા એટલુ જ નહિ પંચની જુદી જુદી એપ્સના ઉપયોગ માટે પણ લોકોમાં જાગૃત્તિ આવે તે પર ભાર મુકવામાં આવ્યો છે.

વિધાનસભાના બજેટ સત્રથી રાજ્યમાં વહેલી ચૂંટણીઓના સંકેતો મળી રહ્યા છે અને આની તૈયારીઓમાં રાજકીય પક્ષો પણ લાગી ગયા છે. રાજકીય પક્ષોના આગેવાનો ગુજરાત ભણી દોડી રહ્યા છે.

રાજકીય પક્ષો દ્વારા જિલ્લાઓમાં પણ બેઠકોનો સિલસિલો શરૂ થઈ ગયો છે. ચૂંટણી પંચ દ્વારા પણ ધીમી ગતિએ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

હવે પંચે મતદાર સાક્ષરતા ક્લબની સ્થાપના તાત્કાલિક કરવાની આપેલ સૂચનાઓ પછી આ અંગેના સંકેતો વધુ સ્પષ્ટ થઈ રહ્યા છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીની કચેરી દ્વારા આ અંગેની સૂચનાઓ પણ અપાઈ જવા પામી છે.

ગુજરાતમાં વહેલી ચૂંટણીને લઈ નેતાઓના પક્ષાંતરની પ્રવૃત્તિઓ પણ ઝડપભેર ચાલી રહી છે.

રાજકીય સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે પક્ષો દ્વારા ૧-૪-૨૨ની સ્થિતિએ મતદારોની યાદી મેળવી અને તેનુ વિશ્લેષણ તેમજ ૨૦૧૭ની ચૂંટણીના પરિણામો અને તેના વિશ્લેષણને લઈ તેમની કવાયતો તેજ કરી દીધી છે.

દરેક વિધાનસભા બેઠક દીઠ અલગ-અલગ વ્યુહચનાઓ પણ તૈયાર જિલ્લાની ભૌગોલિક સ્થિતિ અને હાલની રાજકીય સ્થિતિને ધ્યાને રાખી તૈયાર કરવામાં આવી રહી છે.

# નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતા ગૃહિણીઓમાં આક્રોશ

**શહેરના સે-૪ એ અને સે-૫ બી માં પણ પાણીની પોકાર : સપ્લાયના અંતે પણ ટાંકી ભરાતી નથી : પાણીની જરૂરિયાતને પહોંચી વળવા તંત્રએ પુરતુ આયોજન કર્યુ છે છતા સેકટરોમાં પાણીની બુમ**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરના સેકટરોમાં આકરા ઉનાળે પાણીનો પુરતો સપ્લાય આપવામાં આવતો હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવે છે. આમછતા નવા સેકટરોમાં કેટલાક ઠેકાણે પુરતા ફોર્સથી પાણી ન આવતા સેકટરવાસીઓમાં રોષ પ્રવર્તયો છે. સે-૪ એ અને સે-૫ બી સહીતના વિસ્તારમાં પાણીની વિશેષ પોકાર ઉઠવા પામી છે. સેકટરવાસીઓના જણાંવ્યા મુજબ પાણીની ટાંકી પણ પુરતી ભરાતી નથી જેના લીધે આકરી ગરમીમાં રોજબરોજ રહીશોએ હાલાકી વેઠવી પડે છે. બીજીતરફ તંત્ર દ્વારા શહેરમાં પ્રતિદિન ૬૦ એમ એલ ડી જેટલો પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાનુ પણ જણાંવાયુ છે. જયારે વધુ ૩ એમ અલ ડી પાણી સપ્લાય કરવા માટે પણ આયોજન કરાયુ છે.

ગાંધીનગરમાં આકરા ઉનાળે સેકટરોમાં પાણીનો વપરાશ વધ્યો છે. જયારે પાણીના વધતા વપરાશને પહોંચી વળવા માટે તંત્ર દ્વારા પ્રતિદિન ૬૦ એમ એલ ડી પાણીનો સપ્લાય આપવામાં આવે છે. શહેરમાં માથાદીઠ પાણીનો વપરાશ વધુ છે. જયારે ઉનાળાની ગરમીના દિવસોમાં પાણીનો ઉપયોગ વધવાની સાથે બગાડ પણ વિશેષ થાય છે. જેના લીધે પાણીની સમસ્યા સમયાંતરે ઉઠતી રહે છે. શહેરના નવા સેકટરોમાં છેલ્લા કેટલાક દિવસોથી પાણીનો ફોર્સ ઘટી ગયો હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. શહેરના સેકટરોમાં સવાર પડતા જ પાણી ફોર્સથી આવ્યુ ન હોવાનો કકળાટ પ્રવર્તે છે. ગૃહીણીઓના મોં વંકાય છે. ખાસ કરીને સે- ૪ એ અને સે-૫ બી માં પાણીની સમસ્યા છેલ્લા કેટલાક સમયથી ગંભીર બની છે. રોજબરોજ સવારે પાણી ફોર્સથી ન આવતા બુમ પડે છે. સેકટરવાસીઓના જણાંવ્યા મુજબ પાણી ફોર્સથી ન આવવાના લીધે ટાંકી પણ પુરતી ભરાતી નથી. સેકટરવાસીઓના આંગણામાં અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી ન ભરાવાના લીધે દિવસ દરમિયાન ટાંકીમાં પાણી ન હોવાની બુમ ઉઠવા પામે છે. કેટલાક ઠેકાણે ટેન્કરો દ્વારા પાણી મેળવવામાં

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નહિ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ આજે ન નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

શહેરમાં જી.એન.એલ.યુ. કેમ્પસમાં છેલ્લા એક સપ્તાહમાં ૭૩ જેટલા કેસ નોંધાયા હતા તો જિલ્લામના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહમાં ૪ જેટલા કેસ નોંધાયા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત ત્રીજા દિવસે કોઈ કેસ નોંધાયો નથી. શહેરમાં પણ આજે એકેય કેસ નોંધાયો ન હોવાથી તંત્રએ રાહત અનુભવી છે. શહેર-જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે રિકવરી રેટ ૯૭ ટકાને પાર કરી ગયેલ છે.

જિલ્લામાં કોરોનાના હાલ ૭૭ જેટલા કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ અસરકારક કરવા પણ સૂચનાઓ આપી છે. જિલ્લામાં કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટે તાકીદ કરવામાં આવી છે. છેલ્લા સપ્તાહમાં નોંધાયેલા કેસો ઓમિક્રોનના છે અને તે ઝડપથી પ્રસરે છે તેથી લોકોને બેદરકાર ન રહેવા માટે જણાવવામાં આવ્યુ છે.

જયારે રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસ સંક્રમણના ૧૧ નવા કેસ સામે આવ્યા છે. રાહતની વાત છે કે આ દરમિયાન કોઈપણ મૃત્યુ નોંધાયું નથી. તો રાજ્યમાં કોરોનાની સારવાર બાદ વધુ પાંચ લોકો સાજા થયા છે. ગુજરાતમાં નવા કેસની સાથે કુલ સંક્રમિતોની સંખ્યા ૧૨ લાખ ૨૪ હજાર ૧૨૭ થઈ ગઈ છે. રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૪૨ લોકોના મૃત્યુ થયા છે. ગુજરાતમાં કોરોનાની સારવાર બાદ ૧૨ લાખ ૧૩ હજાર ૨૩ લોકો સાજા થઈ ચુક્યા છે.

# ટેલી કન્સલટેશન અંગે વડાપ્રધાન ૧૬મીએ હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરોના કર્મયોગીઓને સંબોધશે

ગાંધીનગર, તા. ૧૪

આગામી ૧૬મી એપ્રિલના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટેલી કન્સલટેશન અંગે હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરના કર્મયોગીઓને સીધુ સંબોધન અને સંવાદ કરશે.

મળતી વિગતો પ્રમાણે આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરની ચતુર્થ વર્ષગાંઠને લઈ પ્રધાનમંત્રી આ સંવાદ અને સંબોધન કરનાર છે. રાજ્યભરમાં આ અંગેની તૈયારીઓ ચાલી રહી છે.

મળતી વિગતો પ્રમાણે વડાપ્રધાન મોદી કલોલ તાલુકાના પલસાણાના કોમ્યુનીટી હેલ્થ ઓફિસર સાથે સંવાદ પણ કરનાર છે. આ માટેની તૈયારીઓ ચાલી રહી છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોમાં આ અંગે હાલ તો પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. વડાપ્રધાનશ્રીનો આ સંવાદ અને સંબોધન ખાસ વેબ લીંક દ્વારા રાજ્યના તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે સાંભળવામાં આવનાર છે.

બીજી તરફ હેલ્થ એન્ડ વેલનેસ માટે ૧૭મીએ જિલ્લામાં ૧૬૦ જેટલા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો પર યોગા માટે ખાસ તાલિમ વર્ગનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યોગ અને આરોગ્ય એ વિષયે વાત કરવા ઉપરાંત યોગનું મહત્વ સમજાવી વિવિધ આસનો શીખવાડવામાં આવશે. આ માટે ખાસ યોગા ઈન્સ્ટ્રક્ટરો તાલિમ આપશે.

જિલ્લામાં આગામી સપ્તાહ આરોગ્ય સેવાઓના સઘનીકરણનો ખ્યાલ લોકોને આવે તે માટે હેલ્થ ચેક અપ કેમ્પો સહિત વિવિધ બાબતોનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

જિલ્લામાં આ વર્ષે યોગા ડે ની ઉજવણી પણ શાનદાર રીતે થાય તેને લઈ તંત્ર દ્વારા ધીમી ગતિએ તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે.

# શહેરના સરકારી આવાાસોમાં પોપડા ખરવાની ફરિયાદો ઉઠી

**પોપડા કરવાથી રહીશો ત્રસ્ત : વરસાદી દિવસોમાં છતમાંથી પોપડા ખરવાની ફરિયાદો વિશેષ ઉઠતી હતી જયારે સમય જતા કંગાળ બનતા આવાસોની છત હવે સલામત રહી નથી : તંત્ર માટે પણ શિરદર્દ**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરના સરકારી આવાસો સાડા ચાર થી પાંચ દાયકા જુના છે. જેના લીધે સેકટરોમાં જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર આયોજન પણ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ સરકારી આવાસો ભયજનક હોવાછતા હજુ સેકટરોમાં કર્મચારીઓ તેમજ તેમના પરિવારો વસવાટ છે. રહેણાંકને લાયક મકાનોના અભાવે જોખમી મકાનો ખાલી કરાવાની પ્રક્રીયા પણ મંદ પડી ગઈ છે. ત્યારે અગાઉ વરસાદી દિવસોમાં આવાસોની છતમાંથી પોપડા ખરતા હોવાની ફરિયાદો વિશેષ ઉઠવા પામતી હતી પરંતુ સમય જતા વધુ કંગાળ સ્થિતિમાં જોવા મળતા આવાસોમાં આડા દિવસોમાં પણ છતમાંથી પોપડા અને રેતી ખરતી હોવાની ફરિયાદો રહીશો માટે મુંઝવણનુ કારણ બની છે ત્યારે જોખમી મકાનો ખાલી કરાવવા માટે અન્ય કોઈ વૈકલ્પિક આવાસો પણ ઉપલબ્ધ નથી ત્યારે તંત્ર માટે પણ મોટો શિરદર્દ ઉભો થયો છે.

શહેરમાં સ્થિત સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જેના લીધે રહીશોના માથે ખતરો જળુંબી રહ્યો છે. વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમા વરસાદી દિવસો દરમિયાન વારંવાર પોપડા ખરતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. પરંતુ સાડા ચાર થી પાંચ દાયકા જુના સરકારી આવાસોમાં હવે છતમાંથી પોપડા ખરવાની ફરિયાદો વધી ગઈ છે. એકબાજુ શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હાલતમાં હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે જુના આવાસો તોડીને નવા આવાસો બનાવાની કામગીરી પણ ઝડપથી હાથ ધરવામાં આવતી નથી સેકટરોમાં જુના અને જોખમી મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ ખુલ્લી થયેલી જગ્યામાં દબાણો અસ્તિત્વમાં આવી રહ્યા છે. આમછતા સાઈટની પસંદગીમાં વિલંબ કરવામાં આવી રહ્યો છે. જુના અને જોખમી આવાસોની સંખ્યા વિશેષ છે. ત્યારે જુના મકાનો તોડવા માટે પણ તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# કર્મચારીઓએ આંબેડકરના ફોટાને પુષ્પાંજલિ આપી સૂત્રોચ્ચાર કરી ધારાસભ્યોને આવેદન પત્ર આપ્યા



ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્ય કર્મચારી સંયુક્ત મોરચા દ્વારા અપાયેલ એલાન મુજબ આજે ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે વિવિધ સંવર્ગના કર્મચારીઓ એકત્ર થયા હતા. આ કર્મચારીઓએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના ફોટાને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ સૂત્રોચ્ચારનો કાર્યક્રમ યોજ્યો હતો.

જુની પેન્શન યોજના ચાલુ કરવા માટેની માંગણીને લઈ કર્મચારીઓએ પ્રતિજ્ઞા વાંચન પણ કર્યુ હતુ. સૂત્રોચ્ચારમાં જિલ્લા પંચાયત ઉપરાંત વિવિધ કર્મચારી સંગઠ્ઠનોના આગેવાનો પણ જોડાયા હતા.

જુની પેન્શન યોજના ચાલુ કરવા માટે કર્મચારીઓ દ્વારા વિધાનસભાના બજેટ સત્રથી માંગ કરવા સહિત પાંચ જેટલી માંગણીઓ સત્વરે ઉકેલવા માટે આવેદનપત્ર પણ સરકારને આપ્યુ હતુ પરંતુ સરકાર દ્વારા કોઈજ પ્રતિસાદ મળ્યો ન હતો.

આજથી શરૂ થયેલા આંદોલનાત્મક કાર્યક્રમ અંતર્ગત સૂત્રોચ્ચાર પછી આ આગેવાનો સદસ્ય નિવાસ ખાતે પહોંચ્યા હતા જયાં ગાંધીનગર(૩)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા અને ગાંધીનગર(૬)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરને આવેદન પત્ર આપી તેમના પ્રશ્નોના ઉકેલ માટે સરકારમાં રજુઆત કરવા જણાવ્યુ હતુ. સંયુક્ત મોરચાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હવે પછીના આંદોલનાત્મક કાર્યક્રમો ટૂંકમાં જ ઘડી કાઢી અને તે માટેના આદેશો જારી કરવામાં આવશે.

# નવા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ હજુ નવી જગ્યાનો ચાર્જ સંભાળ્યો નથી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની બદલી થયા પછી તેમના સ્થાને નવા મુકાયેલ અધિકારીએ હજુ સુધી નવા હોદ્દાનો ચાર્જ સંભાળ્યો ન હોવાથી જિલ્લામાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી કચેરીની કામગીરી ખોડંગાઈ જવા પામી છે.

જિલ્લામાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની જગ્યા ભરાયેલી છતાં ખાલી પડ્યા જેવી સ્થિતિ છે. ચૂંટણી પંચ દ્વારા હવે સામાન્ય ચૂંટણીની તૈયારીઓની પ્રાથમિક કવાયતો આરંભી દેવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરને પણ હવે આ તૈયારીઓ માટે બેઠકો યોજવાની સીધી સૂચના આપવી પડી રહી છે. એક મહિનાથી પણ વધુ સમય વીતી ગયા પછી પણ અધિકારી દ્વારા ચાર્જ સંભાળવામાં આવ્યો ન હોવાથી તંત્રની મુશ્કેલીઓ પણ વધી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com